# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-09-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# Rain Overall + DISTRICT

રાજ્યમાં ટૂંકા વિરામ બાદ ફરી એક વાર વરસાદી માહોલ જામ્યો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના લગભગ તમામ જિલ્લામાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગરના અહેવાલ મુજબ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ભરૂચના વાલિયા તાલુકામાં સૌથી વધુ ૧૨ ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે, તાપીના સોનગઢમાં ૧૦ ઇંચ અને વ્યારા તાલુકામાં ૯ ઇંચ, ડાંગ જિલ્લામાં ૬ ઇંચ, તાપી જિલ્લામાં ૫ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

તાલુકાની વાત કરીએ તો, સુરતના માંગરોળ, ડાંગના વઘઇ, નર્મદાના તિલકવાડા, તાપીના ઉચ્છલ અને ભરૂચ તાલુકામાં ૭ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. તાપીના ડોલવણ, ડાંગના સુબિર, ખેડાના નડિયાદ અને નવસારીના વાંસદા તાલુકામાં ૬ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જ્યારે, મહીસાગરના લુણાવાડા અને ખેડાના કપડવંજ તાલુકામાં પાંચ-પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત પંચમહાલના મોરવા હડફ અને ગોધરા, વડોદરાના કરજણ, સાબરકાંઠાના હિંમતનગર અને પ્રાંતિજ, નર્મદાના નાંદોદ અને ગરુડેશ્વર, ડાંગના આહવા, તાપીના વાલોડ, ખેડાના કઠલાલ, મહીસાગરના વિરપુર, અરવલ્લીના બાયડ ઉપરાંત મહેસાણા તાલુકામાં ૪ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના કુલ ૧૮૩ તાલુકામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આજે સવારે ૬.૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૧૬ ટકાથી વધુ નોંધાયો છે. કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૧૭૯

ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૨૫ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૧૭ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૧૧૩ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૯૫ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ચાર દિવસના દિવસના વિરામ બાદ સોમવાર સવારથી વરસાદ વરસતા લોકોને ગરમીથી રાહત મળી છે. ગોધરા શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણ સમા પાણી ભરાતા રાહદારીઓ તેમજ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લાનાં પાનમ, હડફ અને કરાડ જળાશયો 100 ટકા ભરાતા રૂલ લેવલ જાળવવા પાનમ અને હડફ ડેમમાંથી પાણી છોડવામાં આવ્યુ છે. જયારે ઘોઘંબાનો કરાડ ડેમ ઓવરફ્લો થયો છે. પાનમ ડેમમાં થી 1 લાખ કયુસેક પાણી છોડવામાં આવતા હડફ પાનમ નદી કિનારાના 18 ગામોને સાવચેત કરવામાં આવ્યા છે. આસપાસના વિસ્તારોમાં સાર્વત્રિક વરસાદ થતાં હડફ અને પાનમ નદી બે કાંઠે વહેતી થઈ છે. પૂર સંકટ ટાળવા માટે પાનમ નદીના કાંઠે આવેલ શહેરા અને લુણાવાડા તાલુકાના 22, હડફના કાંઠે આવેલ છ, કરાડના 16 ગામના લોકોને સાવચેત કરી દેવાયા હતા.

અમારા નર્મદા જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, તિલકવાડામાં 24 કલાકમાં સાત ઇંચ, ,નાંદોદમાં પાંચ ઇંચ અને ગરુડેશ્વરમાં ચાર ઇંચ વરસાદ નોંધાયો છે. નર્મદા ડેમની સપાટી 134.73 મીટર, કરજણ ડેમની 110.30 મીટર નોંધાઈ છે. સાગબારા તાલુકા ને બે ડેમો નાના કાકડી આંબા અને ચોપડવાવ ડેમ ફરી એક વાર છલકાઈ ગયા છે. નર્મદા નદીમાંથી 4.50 લાખ ક્યુસેક પાણી છોડાતા નદી બંને કાંઠે વહી રહી છે.

તિલકવાડા તાલુકામાં સાત ઇંચ વરસાદ થતા ઘોડાપુરની સ્થિતિ છે ત્યારે અશ્વિની નદી બે કાંઠે વહી રહી છે. નદીમાં કાર સાથે તણાઈ રહેલી એક અજાણી વ્યક્તિને એસડીઆરએફની ટીમે બચાવી લીધો હતો.

ભરૂચ જિલ્લા કલેક્ટરે ચેતવણી આપતા જણાવ્યું છે કે, વાલિયા તાલુકામાં પડેલા ૧૮ ઇંચ વરસાદને પગલે હાંસોટ તાલુકાના પાંજરોલી, ઓભા, આસરસા, ઈલાવ અને બાલોતા ગામમાં કીમ નદીની સપાટી વધી શકે છે. તેમણે ગ્રામજનોને સચેત રહેવા અપીલ કરી છે.

વલસાડ જિલ્લામાં સવારના 6 થી બપોરના 2 વાગ્યા સુધીમાં વલસાડ તાલુકામાં 4 ઇંચ, વાપી તાલુકામાં 3 ઇંચ, પારડી તાલુકામાં સવા બે ઇંચ, વરસાદ નોંધાયો હતો.

અમારા મહીસાગર જિલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, ભાદર ડેમમાંથી 2 હજાર અને કડાણા ડેમમાંથી એક લાખ કયુસેક પાણી છોડાતા મહીસાગર નદી કાંઠાના 23 ગામોમાં એલર્ટ આપવામાં આવ્યો છે. લુણાવાડા, ખાનપુર અને કડાણા તાલુકામાં 2 કલાકમાં ત્રણ ઈંચ વરસાદને પગલે જળાશયો પાણી થી છલકાયા છે. આ ઉપરાંત ભાદર ડેમ 95 % ભરાઈ ચૂક્યો છે. પાનમ ડેમમાંથી 1 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવતા પાનમ નદી બે કાંઠે રહી છે.

મહેસાણા જિલ્લાની જીવાદોરી સમાન ધરોઈ ડેમ ઉપરવાસમાં સારા વરસાદને પગલે 11 હજાર 111 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. ડેમની સપાટી 609. 64 સુધી પહોંચી છે અને 57 ટકા જળસંગ્રહ થયો છે.

..............................................................................

## WEATHER – ALERT

હવામાન વિભાગ દ્વારા આજે દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે.. જેમાં કેન્દ્રશાસિત દાદરાનગર હવેલીમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.જયારે મધ્ય ગુજરાતના કેટલાક જીલ્લા , સૌરાષ્ટ્રના કેટલાંક જીલ્લા તેમજ ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

આ ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર સહિતના સૌરાષ્ટ્રના રાજકોટ સહિતના સૌરાષ્ટ્રના કેટલાંક જીલ્લાઓમાં પણ યલો એલર્ટ જાહેર કરાયું છે..

આવતીકાલે માટે દક્ષિણ ગુજરાતમાં, બનાસકાંઠામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે મધ્યગુજરાત અને સૌરાષ્ટ્રમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે..

-------------------

## Porbandar - Helicopter

પોરબંદર પાસે અરબી સમુદ્રમાં ઓઈલના ટેન્કર પર ઈજાગ્રસ્ત કર્મચારીને બચાવવા જઈ રહેલું તટરક્ષક દળનું હેલિકોપ્ટર તૂટી પડતાં ત્રણ લોકો લાપતા છે. હેલિકોપ્ટરમાં પાયલટ સહિત ચાર સભ્યો સવાર હતા, જેમાંથી એકનો બચાવ થયો હતો.

તટરક્ષક દળનાં નિવેદનમાં જણાવાયું હતું કે, બપોરે 11 વાગ્યે હેલિકોપ્ટર ધ્રુવનું તાકીદનું ઉતરાણ કરવું પડ્યું હતું. શોધખોળ અભિયાન દરમિયાન હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે.